# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-03-2025 Day: Tuseday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાજ્યસભા :

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારની લઘુમતી જૂથને અનામત આપવા માટે બંધારણમાં સુધારો કરવાના અંગેની કથિત ટિપ્પણી પર હોબાળો થતાં રાજ્યસભાની કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરાઇ હતી.

અગાઉ, જ્યારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થઈ , ત્યારે વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સ્પષ્ટતા કરી કે શ્રી શિવકુમારે બંધારણમાં ફેરફાર વિશે કંઈ કહ્યું નથી. તેમણે કહ્યું કે શાસક પક્ષના નેતાઓએ ઘણી વખત બંધારણમાં ફેરફાર કરવાની વાત કરી છે. શ્રી ખડગેએ કહ્યું કે કોંગ્રેસ બંધારણના રક્ષણ માટે છે. ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડાએ કોંગ્રેસ પર શ્રી ખડગેના નિવેદન અંગે ગૃહમાં સત્ય ન બોલવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કર્ણાટકની કોંગ્રેસ સરકારે જાહેર કરારોમાં ધર્મના આધારે ચાર ટકા અનામત આપી છે.

---

## સાંસદ પગાર વધારો :

કેન્દ્ર સરકારે સંસદ વર્તમાન સભ્યો અને ભૂતપૂર્વ સભ્યોના પગાર, દૈનિક ભથ્થા અને પેન્શનમાં વધારો જાહેર કર્યો છે. સંસદ સભ્યોનો માસિક પગાર એક લાખ રૂપિયાથી વધારીને એક લાખ 24 હજાર રૂપિયા કરવામાં આવ્યો છે. દૈનિક ભથ્થું બે હજાર રૂપિયાથી વધારીને બે હજાર 500 રૂપિયા કરાયું છે જ્યારે હાલના

સભ્યો અને ભૂતપૂર્વ સભ્યો માટે માસિક પેન્શન 25 હજાર રૂપિયાથી વધારીને 31 હજાર રૂપિયા કરાયું છે. જે 1 એપ્રિલ 2023થી અમલમાં આવશે.

---------------------------------------------------------------------------------

## અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી :

**ગુજરાત વિધાનસભામાં અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતના વિભાગની બે હજાર 76 કરોડ રૂપિયાની અને નર્મદા , જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની 17 હજાર 364 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી. આ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું : ‘જરૂરિયાતમંદોની ખાદ્ય સલામતી અને પોષણ સુરક્ષા એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.**

**શ્રી બાવળિયાએ કહ્યું : ‘સ્માર્ટ જાહેર વિતરણ વ્યવસ્થા- PDS યોજના દ્વારા તમામ રાજ્ય , કેન્દ્ર શાસિત પ્રદેશમાં એન્ડ -ટુ-એન્ડય કૉમ્પ્યુટરાઈઝેશન સ્કીમ દ્વારા લવાયેલી ટેક્નોલૉજી આધારિત , સુધારા કરીને જાહેર વિતરણ વ્યવસ્થામાં નવા સુધારાઓ કરાશે.**

---------------------------------------------------------------------------------

## મુખ્ય મંત્રી : ગ્લોબલ કેપેબ્લીતી સેન્ટર :

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરમાં રાજ્યના પ્રથમ ગ્લૉબલ કેપેબલિટી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું : ‘રાજ્ય સરકારે ગ્લોબલ કેપેબલિટી સેન્ટર પૉલિસી 2025-30ની જાહેરાતના એક જ મહિનામાં ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઇન્ફિનિયન ટેક્નોલૉજી ઇન્ડિયાના આ સૅન્ટરનો પ્રારંભ થયો છે.**

**શ્રી પટેલે ઉમેર્યું , આ સેન્ટર કાર્યરત્ થતાં ગુજરાત દેશ અને વિશ્વને સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે ઉકેલ આપવા માટે વધુ સક્ષમ બનશે. આગામી સમયમાં નવી ટેક્નોલૉજી અને નવીનતા રાજ્યના અર્થતંત્રની કરોડરજ્જૂ સાબિત થશે.**

---------------------------------------------------------------------------------------

<u>કર્મચારી રાજ્ય વીમા યોજના :</u>

જાન્યુઆરી મહિનામાં કર્મચારી રાજ્ય વીમા યોજના- ESIC હેઠળ લગભગ 18 લાખ નવા કર્મચારીઓની નોંધણી કરવામાં આવી છે. ગઈકાલે જાહેર કરાયેલી ESICની માહીતી મુજબ , મહિના દરમિયાન 27 હજાર 805 નવી સંસ્થાઓને ESI યોજનાના સામાજિક સુરક્ષામાં લાવવામાં આવી હતી , જેનાથી વધુ કામદારો માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત થઈ હતી.

---------------------------------------------------------------------------------------

<u>ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ :</u>

**રાજ્યો વચ્ચે એકતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા ખેલકૂદનું માધ્યમ ખૂબ જ પ્રભાવશાળી છે. ત્યારે યુનિફોર્મ સર્વિસમાં હંમેશા ખેલકૂદને અગ્રીમ સ્થાન અપાઈ રહ્યું છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ગાંધીનગરથી 72મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ કરાવતાં આ મુજબ જણાવ્યું.**

**ગાંધીનગરમાં ભારતીય રમત ગમત સત્તામંડળ ખાતે આયોજિત આ સ્પર્ધામાં વોટર પોલો અને ક્રોસ કન્ટ્રી સહિતની કુલ ચાર રમત સ્પર્ધાઓમાં 27 રાજ્યના 704 રમતવીર ભાગ લેશે.**

---------------------------------------------------------------------------------------

<u>કૃષિ મંત્રી : ડુંગળી નિકાસ જકાત :</u>

**કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે ડુંગળી પરની 20 ટકા નિકાસ જકાત સંપૂર્ણપણે નાબૂદ કરી છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી ચૌહાણે જણાવ્યું કે હવે ખેડૂતોની ડુંગળી વૈશ્વિક બજારોમાં જકાત મુક્ત પહોંચી શકશે, અને તેમને વધુ સારા ભાવ મળશે.**

---------------------------------------------------------------------------------------

## મુખ્ય મંત્રી : વડનગર મહોત્સવ :

---

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું : 'કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાના-રિરિ પાર્ક, બુદ્ધિસ્ટ મૉનેસ્ટ્રી ,થીમ પાર્ક જેવા વારસાના કારણે વડનગર દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.' મહેસાણામાં વડનગરના પૌરાણિક હાટકેશ્વર મંદિરમાં આયોજિત ત્રણ દિવસના મહોત્સવમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. રાજ્યના મહત્વના તીર્થસ્થાનોમાં ગણાતા આ હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ અજોડ હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતું.**

**હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શૉ સુવિધા ધરાવતું રાજ્યનું સાતમું યાત્રા પ્રવાસનધામ બન્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

------------------------------------------------------------------------------------